વર્ષ : ૨૦૧૧

# નર્મદાના નીરથી સિંચિત ખેતી

## ( સૌરાષ્ટ્ર વિસ્તાર )



સરદાર સરોવર નર્મદા નિગમ લિ.

**નર્મદાના નીરનું મુલ્ય :**



સરદાર સરોવર નર્મદા યોજના એ એક મોટી યોજના છે, જેમાં રાજયના ૧૫ જીલ્લાઓના, ૭૩ તાલુકાઓના ૩૧૧૨ જેટલા ગામોના કુલ ૧૮.૪૫ લાખ હેકટર વિસ્તારને સિંચાઈ હેઠળ આવરી લેવાનું આયોજન છે. જે પૈકી મોટાભાગે પાણીની અછત ધરાવતો વિસ્તાર છે. આ પિયત વિસ્તારમાં સૌરાષ્ટ્ર વિસ્તારના રાજકોટ જીલ્લાના ૫૨, ભાવનગર જીલ્લાના ૯૯ અને સુરેન્દ્રનગર જીલ્લાના ૨૮૪ ગામોના અનુક્રમે ૪૪,૫૦૩, ૬૫,૨૯૨ અને ૨,૬૭,૮૪૮ હેકટર વિસ્તારનો પણ સમાવેશ થાય છે.

સરદાર સરોવર યોજનાનાં હિસ્સેદાર તરીકે ગુજરાતના ફાળે ૯૦ લાખ એકર ફુટ* પાણી મળનાર છે. યોજનાના આયોજનના ભાગરૂપે ૨૭ લાખ એકર ફુટ* ભૂર્ગભ જળ અને ૩ લાખ એકર ફુટ* અન્ય નદી નાળાનું પાણી એમ કુલ ૧૨૦ લાખ એકર ફુટ* પાણી પિયત માટે ઉપલબ્ધ થશે તેવું અંદાજવામાં આવેલ છે. મુખ્ય કેનાલના દરવાજાથી લઈને ખેતરો સુધીના વહેણમાં થતા વ્યયને ઘ્યાને લેતા, એકમ વિસ્તારમાં સરેરાશ ફકત ૩૩ સે.મી. (૧૩ ઈંચ) જેટલું પાણી ખેતરોમાં ઉપલબ્ધ બની શકે તેમ છે. યોજનાનો ખર્ચ સને ૨૦૦૮–૦૯ ની કિંમત મુજબ ૩૯,૨૪૦.૪૫ કરોડ જેટલો અંદાજવામાં આવેલ છે. જે પૂર્ણ થતા થતા પચાસ હજાર કરોડની આસપાસ થવાનો અંદાજ છે. એટલે કે, પ્રતિ હેકટર બે લાખ સત્તાવીસ હજાર જેટલા રોકાણ પછી ખેતરોમાં ફકત ૧૩ ઈંચ જેટલું પાણી પિયત માટે ઉપલબ્ધ બની શકે તેમ છે. આમ નર્મદાનું પાણી પિયત માટે કેટલુ મુલ્યવાન છે તે વિચારવાનું રહયું.

**પાણીની ફાળવણી :**



ખરીફ ઋતુના પાકને એક કે બે પિયત તથા રવી ઋતુનો સંપૂર્ણ પાક લેવા પાણીની ફાળવણી કરવાની થાય. સામાન્ય રીતે ૧૬ જુનથી ૧૫ નવેમ્બરનો સમયગાળો ખરીફ પિયત મોસમનો ગણવામાં આવે છે. ખરીફ ઋતુ દરમ્યિાન વરસાદ ખેચાવાની પરિસ્થિતિમાં પાક બચાવવા સારૂ એક અથવા બે પિયત આપવાની જરૂરત પડી શકે, આ માટે પાણીના જથ્થાની ફાળવવાણી કરવાની આખરી તારીખ ૧૫ મી ઓગષ્ટ નકકી કરવામાં આવેલ છે. તદઉપરાંત ૧૫ મી ઓકટોબરથી બીજા વર્ષના માર્ચ મહિનાની ૧૫ મી તારીખ સુધીનો રવી ઋતુના પિયતનો સમયગાળો ગણવામાં આવે છે. તે માટે પાણીના જથ્થાની ફાળવવાણી કરવાની આખરી તારીખ ૩૦ મી સપ્ટેમ્બર નકકી થયેલ છે.

* :(૧ એકર ફુટ = ૧૨૩૩ ઘન મીટર)

### સિંચાઈ માટે પાણી આપવાના પાયાના સિધ્ધાતો :

- પિયત માટેનું પાણી દરેક પિયત સહકારી મંડળીના છેવાડાના ખેડૂતો સુધી પહોચાડવું.
- પિયત માટેનું પાણી પિયત વિસ્તારના સપ્રમાણમાં પહેલેથી નિયત કરવામાં આવેલ જથ્થા મુજબ આપવું.
- દરેક કૃષિ આબોહવાકીય વિસ્તારને નિયત કરેલ માત્રા ('ડેલ્ટા') જેટલો જ મર્યાદીત પાણીનો જથ્થો આપવો.
- દરેક પિયત સહકારી મંડળીના સભાસદોને પાણીનું વિતરણ વારાબંધીથી કરવું.
- વધુ પિયતની જરૂરીયાત વાળા પાક જેવા કે, શેરડી, કેળ વગેરે ને પાણી ન આપવું.

### ગ્રામ સેવા વિસ્તારનો ખ્યાલ :



સરદાર સરોવર યોજનાનાં સંપૂર્ણ કમાન્ડ વિસ્તારમાં પાણીનું વિતરણ કાર્યક્ષમ રીતે થાય તે માટે, પ્રશાખા (માઈનોર) દીઠ ૨૦૦ થી ૫૦૦ હેકટર જેટલો વિસ્તાર આવરી લઈ, ગ્રામ સેવા વિસ્તારનો એકમ અપનાવવામાં આવેલ છે. દરેક ગ્રામ સેવા વિસ્તારના વિકાસની કામગીરી પૂર્ણ થયા બાદ ખેડૂતો દ્વારા તેમની પિયત સહકારી મંડળી બનાવીને જે તે ગ્રામ સેવા વિસ્તારના પાણીની વહેંચણી, મરામત અને જાળવણી વગેરે સંપૂર્ણ જળ વ્યવસ્થાપન જે તે પિયત સહકારી મંડળી દ્વારા સંભાળવાનું થાય છે.

### ખેડૂત ભાઈઓ તરફથી અપેક્ષિત સહયોગ :

- સૌ પ્રથમ દરેક ખેડૂતે પિયત મંડળીના સભ્ય બનવું.
- રેવન્યુ રેકર્ડ જેવા કે ૭/૧૨, ૮ અ, ૬ જેવા પત્રકોમાં પોતાનું નામ સમાવિષ્ટ ન હોય તો કરાવવું.
- પોતાને મળવાપાત્ર જથ્થાની મર્યાદામાં, તેમને જે તે ઋતુમાં જરૂરી પાણીના જથ્થા માટે માંગણા પત્રક પિયત મંડળીમાં આગોતરા રજુ કરવું.
- પોત–પોતાના હિસ્સાનું પાણી પરસ્પર પરામર્શ અને સહયોગ સાધી વારાબંધી પધ્ધતિથી મેળવવું.
- પોતે લીધેલ પાણીની વિગત રાખવી અને પોત–પોતાના હિસ્સાનો પિયાવો સમયસર ભરવો.
- પાણીની ચોરી ન કરવી અને કયાંય થતી હોય તો તે અટકાવવી.
- પોતાના ખેતર પાસેની નહેરોના અંતરાયો દૂર કરવા / કોઈપણને નુકશાન કરતાં અટકાવવા.
- નહેરના માટીકામ પરના ઝાળા / ઝાંખરા / વૃક્ષ દૂર કરવા / કરતા રહેવામાં સહયોગ કરવો.



- ગ્રામ સેવા વિસ્તારની પિયત મંડળીના હિસાબો યોગ્ય રીતે રાખી દફતર જાળવણી સહિત વહીવટ લોકશાહી ઢબે અને તે પણ સંપૂર્ણ પારદર્શકતાથી થાય તે માટે દરેક પ્રકારની જાણકારી મેળવતા રહેવી અને અગ્રતાથી સહયોગ કરવો.

- ખેતરના ઢાળીયા, નિતાર નીકો, રસ્તા વગેરે દરેકની વ્યવસ્થિત જાળવણી કરતા રહેવી.

- પોતાના ખેતર પાસેની નહેરો સાફ રાખવી, સાયફન (નાળા) નું 'સીલ્ટીંગ' સાફ કરવું / કરાવવામાં સહયોગી બનવું.

- નીતાર નીકો તૈયાર કરાવવી/ કરવી. વધતા પાણીના નિકાસ અર્થે યોગ્ય માપની ખેત તલાવડી બનાવવી જેથી કટોકટી અવસ્થામાં પાકને પિયત આપવામાં તે ઉપયોગી થાય.

- ઉપલબ્ધ પાણીના જથ્થાનો મહત્તમ કાર્યક્ષમ ઉપયોગ કરવો અને શકય હોય તો સુક્ષ્મ પિયત પધ્ધતિ અગ્રતાના ધોરણે અપનાવવી.

- ખુબ જ મોંઘા પાણીનો વધુ વળતરદાયી ઉપયોગ કરવા સારૂ સુધારેલ અને બંધ બેસતી ખેત પધ્ધતિ અપનાવે.

- કોઈપણ પ્રકારની તકરાર/ ફરીયાદ/ કલેશ વગેરેનું પારદર્શક પરામર્શથી સ્થાનિક નિવારણ તુરંત કરવું.

- મંડળીની કચેરીમાં ગ્રામ સેવા વિસ્તારનો નકશો, વારાબંધી પત્રક તથા અન્ય ખેડૂત ઉપયોગી માહિતી યોગ્ય તે નિભાવવી, નવી નવી માહિતી મળતી રહે તે અને માટે સાહિત્ય મેળવતા રહેવું અને દરરોજ અથવા સમય મળે ત્યારે મંડળીની કચેરીની મુલાકાત લેતા રહી અધતન વિગતોથી વાકેફ રહેવું.

## પાક પધ્ધતિ આયોજન :



- ખેડૂતોએ પોતાની જમીનની ભેજ સંગ્રહ શક્તિ, સ્થાનિક આબોહવા, જમીનનો પ્રકાર વગેરે વિગત એકત્ર કરી તેની સમજણ કેળવવી.
- પાકની અને જાતની પસંદગી પિયતની સગવડ તથા ઉપલબ્ધ પાણીનો જથ્થો ધ્યાને લઈને કરવી જેમ કે, જયાં ઓછું પાણી હોય ત્યા બિન પિયત કે ઓછા પાણીએ પાકતી જાતોનું વાવેતર કરવું. જેમ કે દિવેલા ના પાકને ઓછું પિયત જોઈએ.
- ઓછા પિયતથી થતા પાકો ખેત આયોજન માટે વધુ હિતાવહ છે.
- એરંડા, કપાસ જેવા લાંબા ગાળાનાં પાકોમાં ટુંકા ગાળાના આંતર પાકો વાવવા.
- એકમ વિસ્તારમાં વધુ નફો મેળવવા માટે શકય આંતરપાક પધ્ધતિ અપનાવવી.

## પિયત પાણીની ઉપલબ્ધતાની માત્રા ધ્યાને લઈ પાકોની પસંદગી:

| ક્રમ નં. | જીલ્લો | પિયતના પાણીનો નિયત કરેલ જથ્થા ('ડેલ્ટા') મુજબ વાવવાના થતા પાક | | |
|---|---|---|---|---|
| | | ઋતુ | નિયત જથ્થો કે તેથી વધુ હોય તો | નિયત જથ્થા થી ઓછુ હોય તો |
| ૧ | રાજકોટ | ખરીફ | મગફળી (આડી/ઉભડી), કપાસ (હા./બીટી), જુવાર (ઘાંસ) | દિવેલા, તલ, કઠોળ, બાજરી |
| | | રવી | ઘઉં, ઘાંસચારો, શાકભાજી | જીરૂ |
| | | ઉનાળુ • | તલ, ઘાંસચારો | |
| ૨. | ભાવનગર | ખરીફ | મગફળી (ઉભડી/વેલડી), બીટી કપાસ, ઘાંસચારો, તુવેર, શાકભાજી, મકાઈ, જુવાર (ઘાંસ) | દિવેલા, તલ, મગ, અડદ, બાજરી |
| | | રવી | ઘઉં, ડુંગળી, શાકભાજી | જીરૂ, ચણા |
| | | ઉનાળુ • | મગફળી, ડુંગળી, મગ, બાજરી | |
| ૩. | સુરેન્દ્રનગર | ખરીફ | કપાસ (હા./બીટી), મગફળી (આડી/ઉભડી), જુવાર (ઘાંસ) | દિવેલા, તલ, બાજરી, જુવાર |
| | | રવી | ઘઉં, કસુંબી, શાકભાજી | જીરૂ, ચણા |
| | | ઉનાળુ • | મગફળી, તલ, બાજરી, ઘાંસચારો | |

•: ઉનાળુ સિઝનમાં કેનાલનું પાણી આપવાનું ન હોવાથી દર્શાવેલ પાકમાં પિયત સંપૂર્ણપણે કુવાના પાણી દ્વારા કરવાનું થાય.

## નહેરો અંગે સંપર્ક :

| ક્રમ | હોદ્દો | સરનામું | ફોન નંબર |
|---|---|---|---|
| ૧ | કાર્યપાલક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર, વિભાગ નં. ૧/૧, નર્મદા વસાહત, બીવીએન રોડ, ધંધુકા | ૦૨૭૧૩ ૨૨૨૫૧૯ |
| ૨ | કાર્યપાલક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર, વિભાગ નં. ૧/૨, નર્મદા વસાહત, બીવીએન રોડ, ધંધુકા | ૦૨૭૧૩ ૨૨૨૫૧૯ |
| ૩ | કાર્યપાલક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર, વિભાગ નં. ૨/૧, નર્મદા કોલોની, બાવલી રોડ, ધ્રાંગધ્રા | ૦૨૭૫૪ ૨૬૨૯૬૫ |
| ૪ | કાર્યપાલક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર, વિભાગ નં. ૩/૧, દેના બેંકની સામે, ટાવર રોડ, બોટાદ | ૦૨૮૪૯ ૨૫૧૪૪૬ |
| ૫ | કાર્યપાલક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર, વિભાગ નં. ૩/૨, નર્મદા કોલોની નં. ૨, બ્લોક નં. સી–૨, સુરેન્દ્રનગર | ૯૯૧૩૭૦૧૩૦૮ |
| ૬ | કાર્યપાલક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર, વિભાગ નં. ૪/૧, નંદીગ્રામ સોસા.ની બાજુમાં, સ્ટેશન રોડ, લીંબડી | ૦૨૭૫૩ ૨૬૦૪૩૭ |
| ૭ | કાર્યપાલક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર, વિભાગ નં. ૪/૨, નંદીગ્રામ સોસા.ની બાજુમાં, સ્ટેશન રોડ, લીંબડી | ૦૨૭૫૩ ૨૬૦૪૩૭ |
| ૮ | કાર્યપાલક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં. ૫/૧, બીજો માળ, તાલુકા સેવા સદન, હળવદ રોડ, ધાંગધ્રા | ૦૨૭૫૪ ૨૯૩૪૭૫ |
| ૯ | કાર્યપાલક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં. ૫/૨, બીજો માળ, તાલુકા સેવા સદન, હળવદ રોડ, ધાંગધ્રા | ૦૨૭૫૪ ૨૯૩૫૯૭ |
| ૧૦ | કાર્યપાલક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર, વિભાગ નં. ૬/૧, ૨૪૨–સેવા સદન, લાલ બાગ, મોરબી | ૦૨૮૨૨ ૨૨૦૬૨૨ |
| ૧૧ | કાર્યપાલક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર, વિભાગ નં. ૬/૨, સુરેન્દ્રનગર | ૯૯૭૯૮૫૧૨૧૫ |

## સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન અને અન્ય બાબતે સપર્ક :

| ક્રમ | હોદ્દો | સરનામું | ફોન નંબર |
|---|---|---|---|
| ૧ | અધિક્ષક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર વર્તુળ નં.– ૧, નર્મદા ભવન, સરદાર નગર, ભરતનગર રોડ, દેવભા મંદીર સામે, ભાવનગર | ૯૯૧૩૭૦૧૩૪૪ |
| ૨ | અધિક્ષક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર, વર્તુળ નં. ૨, નર્મદા વસાહત નં. ૨, સરદાર સોસાયટીની બાજુમાં, સુરેન્દ્રનગર | ૯૯૦૯૯૫૭૯૦૬ |
| ૩ | અધિક્ષક ઈજનેર | સૌરાષ્ટ્ર શાખા નહેર, વર્તુળ નં. ૩, સુરેન્દ્રનગર | ૦૨૭૫૨ ૨૮૪૦૯૭ |

## કૃષિ બાબતે સંપર્ક :

| ક્રમ | હોદ્દો | સરનામું | ફોન નંબર |
|---|---|---|---|
| ૧ | જીલ્લા ખેતીવાડી અધિકારી | જીલ્લા પંચાયત, ખેતીવાડી શાખા, રાજકોટ | ૦૨૮૧ ૨૪૪૦૮૮૯ |
| ૨ | જીલ્લા ખેતીવાડી અધિકારી | જીલ્લા પંચાયત, ખેતીવાડી શાખા, ભાવનગર | ૦૨૭૮ ૨૪૩૯૯૩૧ |
| ૩ | જીલ્લા ખેતીવાડી અધિકારી | જીલ્લા પંચાયત, ખેતીવાડી શાખા, સુરેન્દ્રનગર | ૦૨૭૬૬ ૨૨૪૪૮૯ |
| ૪ | નાયબ ભૂમિ મોજણી અધિકારી | નર્મદા વસાહત, સુરેન્દ્રનગર | ૦૨૭૫૨ ૨૮૨૧૫૩ |

કૃષિ સબંધિત પ્રશ્નો, માહિતી કે સુચનો નીચેના સરનામે મોકલવા.

**સરદાર સરોવર નર્મદા નિગમ લિ.**
(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)
કાર્યવાહક સંચાલક (કૃષિ)
૧૨/૩ – સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર – ૩૮૨ ૦૧૦
ફોન નં. ૦૭૯ ૨૩૨૫૨૧૭૨, ફેક્સ નં. ૨૩૨૨૩૦૫૬
ઈ મેઈલ : ed.cd.ssnnl@gmail.com